ગાંધીનગર સમાચાર

આકાશમાંથી વૈશાખી અગનગોળા વરસ્યા

મેયર પ્રવિણ પટેલે પદભાર સંભાળ્યો

મંત્ર ઉચ્ચારણો અને વડીલોના આશિષ લઈ મેયર, ડે. મેયર, ચેરમેને ચાર્જ સંભાળ્યો

(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર મહાનગર પાલિકાના નવા વરાયેલા મેયર પ્રવિણ પટેલ, ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા તેમજ સ્થાયી સમિતિના ચેરમેન મનુભાઈ પટેલે આજે વૈદિક મંત્રોચ્ચારના ઉચ્ચારણો અને વડીલોના આશિષ સાથે નવા હોદ્દાનો પદભાર સંભાળી લીધો હતો.

બરાબર ૧૦.૧૧ મિનિટે તમામ પદાધિકારીઓ મનપાની કચેરીએ આવી પહોંચ્યા હતા અને ભારત માતા કી જયના નારા સાથે તેમનું સ્વાગત કરાયું હતું.

આજે પદભાર સંભાળી રહેલા આ ત્રણેય આગેવાનોને પક્ષના વડીલ વાડીભાઈ પટેલ, ધારાસભ્યો શંભુજી ઠાકોર, અશોક પટેલ, શહેર પ્રભારી રમીલાબેન બારા, શહેર પ્રમુખ મહેન્દ્ર પટેલ, ગુડાના ચેરમેન આશીષ દવે, ઔડાના ચેરમેન ભૂપેન્દ્ર પટેલ, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, વિદાય લેતા મેયર હંસાબેન મોદી, પૂર્વ ગુડા ચેરમેન અશોક ભાવસાર, પૂર્વ ડે. મેયર કાર્તિક પટેલ, પૂર્વ સ્ટેન્ડીંગ કમિટીના ચેમરેન રાકેશ પટેલ સહિતના અગ્રણીઓએ શુભેચ્છા પાઠવી હતી.

આજે આ પદભાર સંભાળવાના કાર્યક્રમ વેળાએ ભાજપના શહેર એકમના હોદેદારો શ્રીમતી ગીતાબેન પટેલ, શ્રીમતી દક્ષાબેન શુકલ, મહિલા મોરચાના ભારતીબેન ત્રિવેદી, કૈલાશબેન લખવારા, પૂર્વ કાઉન્સિલરો દર્શનાબેન, રમીલાબેન પરમાર, પક્ષના મંત્રી મહામંત્રીઓ મુકેશ જાની, કનુભાઈ દેસાઈ, કેતન પટેલ ઉપરાંત કાઉન્સીલરો નરેશભાઈ પરમાર, પ્રવિણાબેન વોરા, નીતિન પટેલ, પ્રિતીબેન દવે, રીટાબેન પટેલ, નાઝાભાઈ ઘાંઘલ, બરખાબેન જહા, ધીરૂભાઈ ડોડિયા, પ્રવિણાબેન દરજી, નીલાબેન શુકલ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

આ ઉપરાંત શહેરની વિવિધ સંસ્થાના મહાનુભાવો પણ મોટી સંખ્યામાં શુભેચ્છાઓ આપવા આવી પહોંચ્યા હતા. વેપારી આગેવાનો, સામાજિક સંગઠનના આગેવાનો પણ શુભેચ્છાઓ આપવા આવ્યા હતા.

વેતન ભથ્થુ નહિ સ્વીકારૂ, સેવા-સુવિધાનો ઉપયોગ જરૂર કરીશ : પ્રવિણ પટેલ

મુખ્યમંત્રી સાથેની મુલાકાત પછી શહેરના પ્રશ્નો ઉકેલવા માટે એક નવી ઊર્જા મળી છે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર મનપાનું મેયરપદ મળ્યા પછી પણ હું વેતન કે ભથ્થુ નહિ સ્વીકારૂ પરંતુ મેયર તરીકે મળતી સેવા અને સુવિધાનો ઉપયોગ જરૂર કરીશ તેમ આજે હોદો સંભાળ્યા બાદ શ્રી પ્રવિણ પટેલે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું.

તેમણે કહ્યુ કે નગરમાં વિકાસના કામો એ જ મારૂ લક્ષ્ય છે અને તે માટે હું મારી તમામ શક્તિઓ કામે લગાડવામાં કોઈજ કચાશ નહિ રાખુ. આ માટે શહેરની સ્વૈચ્છીક, સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક સંસ્થાઓનો પણ પરામર્શ કરી અને સૌને સાથે રાખી આગળ વધવામાં આવશે.

શ્રી પટેલે જણાવ્યું હતું કે ગાંધીનગર શહેરમાં પાણીની સેવાઓમાં સુધાર આવે તે માટેના તમામ પ્રયાસો તેઓ કરશે. સરકાર આ સેવા આપવા માંગતી હશે તો માર્ગ-મકાન વિભાગ, વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર બોર્ડ, શહેરી વિકાસ વિભાગ સહિત તમામ સાથે સુયોગ્ય સંકલનમાં રહી આગળ વધવા માટે સામુહિક નિર્ણય કરી સેવા સ્વીકારવામાં આવશે.

મુખ્યમંત્રીશ્રી સાથેની શુભેચ્છા મુલાકાત અંગેના એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું કે એમની સાથેની શુભેચ્છા મુલાકાતથી એક નવી ઊર્જા મળી છે. તેમણે જણાવ્યું હતું કે સરકાર કક્ષાએ અટકેલા કાર્યો હશે તેમાં તમે રજુઆત કરશો અગ્રતાથી તે જોવાશે. તેમણે કહ્યું કે શહેરના ચ-માર્ગ પર વારંવાર થતા અકસ્માતોને લઈ અંડરપાસ ખોલવાની મેં વાત કરી તો તેમણે કહ્યું હતું કે માર્ગ-મકાન વિભાગ સાથે તમે બેઠક કરો અને ક્યાં શુ થઈ શકે એમ છે તેની નોંધ રજુ કરો. શહેરના અન્ય પ્રશ્નો વિશે પણ ઔપચારિક વાત થઈ છે.

મનપામાં ખુટતા અધિકારીઓ અને હાલ કેટલી જરૂરિયાત છે તે અંગે પણ વિગતવાર નોંધ મોકલવા મુખ્યમંત્રીએ કહ્યું છે.

તેમણે જણાવ્યું હતું કે સરકાર ગાંધીનગર માટે સકારાત્મક અભિગમ દાખવી રહી છે અને તેને લઈ વિકાસના કામો માટે મને નવી ઊર્જા મળી છે એમ હું માનુ છુ.

શ્રી પ્રવિણ પટેલે જણાવ્યું હતું કે મેયર તરીકેનો આજથી કાર્યભાર શંભાળી લીધો છે અને તે માટે હું વધુ સક્રિય થઈ મારી ફરજો બજાવીશ. કોંગ્રેસ વિરોધ કરી રહી છે તે અંગે પુછાયેલા એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું કે વિપક્ષનું કામ વિરોધ કરવાનું છે મારૂ કામ સકારાત્મક રીતે વિકાસને વેગીલો બનાવવાનું છે. વિકાસમાં અવરોધ નહિ આવે તેવો મને વિશ્વાસ છે.

મેયર કચેરી બહાર કોંગ્રેસી કાર્યકરોના ઉગ્ર સૂત્રોચ્ચાર

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર મહાનગરપાલિકામાં ભાજપના નવા ચૂંટાઈ આવેલા પદાધિકારીઓએ આજે પદભાર સંભાળ્યો ત્યારે કોંગ્રેસ દ્વારા સૂત્રોચ્ચાર અને છાજિયા લઈ વાતાવરણને ઉત્તેજીત કરી દેવાયું હતું.

મહાનગરપાલિકામાં આજે બરાબર ૧૦.૧૫ મિનિટે નવા વરાયેલા પદાધિકારીઓએ તેમના હોદ્દાના કાર્યભાર સંભાળી લીધા બાદ કાર્યકરો શુભેચ્છકો અને સ્નેહીઓને મળ્યા હતા.

કોંગ્રેસ પક્ષ દ્વારા સવારે એક કલાકથી પણ વધુ સમય સુધી મેયરની કચેરી બહાર સૂત્રોચ્ચાર કરાયો હતો તેમજ મહિલાઓએ છાજિયા પણ લીધા હતા. જો કે આજે કોંગ્રેસના આ વિરોધ કાર્યક્રમમાં પ્રદેશ પ્રવકતા અને મહામંત્રી શ્રી નીશિત વ્યાસ, પ્રદેશ પ્રવકર્તા હિમાંશુ પટેલ, પૂર્વ જિલ્લા પ્રમુખ જશુભા રાણા, પૂર્વ શહેર પ્રમુખ મુકેશ પટેલ, શહેર પ્રમુખ ડૉ. કૌશિક શાહ, મહિલા કોંગ્રેસ પ્રમુખ ભાનુબેન રોહિત, જિલ્લા કો. પ્રમુખ સૂર્યસિંહ ડાભી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

કોંગ્રેસના કાઉન્સીલરો શૈલેન્દ્રસિંહ બિહોલા, રાકેશ પટેલ, જયરાજસિંહ, અંકિત બારોટ, હસમુખ મકવાણા, હિરલ જોશી, ચીમનભાઈ વિંઝુડા, શ્રીમતી મીનાબેન વાઘેલા, શ્રીમતિ લલીબેન ઠાકોર, ઉર્મિલાબેન વર્મા, શ્રીમતિ રોશનબેન પરમાર, પૂર્વકાઉન્સીલર હર્ષજીત પંડ્યા, જિલ્લા અને શહેર સમિતિના હોદેદારો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને સૂત્રોચ્ચારના કાર્યક્રમમાં જોડાયા હતા. મહિલા કોંગ્રેસ કાર્યકર્તા બહેનોએ મેયર પ્રવિણ પટેલના નામના છાજિયા લીધા હતા.

કોંગ્રેસ દ્વારા ચાલી રહેલા વિરોધ પ્રદર્શનને કારણે શુભેચ્છકો શુભેચ્છા આપવામાં મોડા પડ્યા હતા. પોલીસે અહિ સમયસૂચકતા વાપરી અને વાતાવરણને ડહોળાતુ અટકાવ્યું હતું.

કોંગ્રેસ પક્ષે આવતીકાલે પણ વિરોધના કાર્યક્રમ યથાવત રહેશે તેવી જાહેરાત કરી છે.

આજે ગુજકેટની પરીક્ષા ૩૨૦૦ વિદ્યાર્થીઓ બેસશે

જિલ્લામાં ૧૪ સ્થળોએ પરીક્ષાલક્ષી કાર્યવાહી હાથ ધરાશે

ગાંધીનગર તા ૩

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજ રોજ ગુજકેટની પરિક્ષા લેવાશે જેમાં ગાંધીનગર જિલ્લામાંથી ૩૨૦૦ વિદ્યાર્થીઓ પરિક્ષા આપશે. જિલ્લામાં ૧૪ સ્થળો પર પરિક્ષાલક્ષી કાર્યવાહી હાથ ધરાશે. મહીનાના અંતમાં બોર્ડ પરિક્ષાનુ પરિણામ જાહેર થવાનુ છે. ત્યારે ગુજકેટની પરિક્ષાના લીધે પણ વિદ્યાર્થીઓમાં ઉત્તેજનાનો માહોલ જોવા મળ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

આચાર્ય જોઈએ છે

ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજમાં ખાલી પડેલ આચાર્યની જગ્યા ભરવા માટે ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીના પત્ર ક્રમાંક : કવટ/ભરત/યાદી(૨૩) આઈ.એસ.સી. - ૮/૨૦૧૫-૮૨૨૨-૨૪ તા. ૯/૭/૨૦૧૫થી જગ્યા ભરવાની મંજુરી મળેલ છે.

લાયકાત :

૧. યુજીસીની જુન ૨૦૧૦ની માર્ગદર્શિકા પ્રમાણે ઉમેદવાર માન્ય યુનિવર્સીટીમાંથી ઓછામાં ઓછા ૫૫% ગુણ સાથે અનુસ્નાતક ડીગ્રી તથા પી.એચ.ડી.ની ડીગ્રી ધરાવતા હોવા જોઈએ. તેમજ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક એનજીસી/૧૧૨૦૧૧/૨૩૭૦/ખ. તા. ૧૮/૪/૨૦૧૬થી નિયત થયેલી લાયકાત, ગુણાંકન તેમજ એ.પી.આઈ. લાગુ પડશે.

૨. ઉમેદવાર કૉલેજ / યુનિવર્સીટી કે ઉચ્ચ શિક્ષણની અન્ય સંસ્થામાં એસોસિએટ પ્રોફેસર / પ્રોફેસર હોવા સાથે કુલ ૧૫ વર્ષનો શૈક્ષણિક / સંશોધન કે વહીવટી અનુભવ ધરાવતા હોવા જોઈએ.

૩. પગાર ધોરણ : સરકારશ્રી તથા યુજીસીના ધારાધોરણ મુજબ રહેશે.

૪. ઉમેદવારે સ્નાતક / અનુસ્નાતક / પીએચડી/રિસર્ચ /એ.પી.આઈ.નું સ્વ-પ્રમાણિત ગણતરી પત્રક તથા અનુભવના પ્રમાણપત્રોની નકલો જોડવાની રહેશે.

૫. અરજી દિન-૧૦માં રજીસ્ટર્ડ પોસ્ટથી વર્તમાન સંસ્થાના NOC સાથે નીચેના સરનામે મોકલવાની રહેશે.

પ્રમુખશ્રી / મંત્રીશ્રી
ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,
સેક્ટર-૮, ગાંધીનગર-૩૮૨૦૦૮

આકાશમાંથી વૈશાખી અગનગોળા વરસ્યા

વહેલી સવારથી મોડી સાંજ સુધી લૂ નો કહેર : મહત્તમ તાપમાન ૪૨.૫ ડિગ્રી પહોંચતા કાળઝાળ ગરમી અનુભવાઈ

ગાંધીનગર, તા. ૯

ગરમીનો કહેર પુનઃ શરૂ થયો છે. આકાશમાંથી જાણે અગનગોળા વરસી રહ્યા છે. આજે મહત્તમ તાપમાન ૪૨.૫ ડિગ્રી પહોંચતા શહેરીજનો આકરી ગરમીમાં શેકાયા હતા.

છેલ્લા બે દિવસથી ગરમીમાં ખુબ વધારો થયો છે. ગયા અઠવાડિયે ૩૮-૩૯ ડિગ્રીએ પહોંચેલો પારો પુનઃ ૪૨-૪૩ ડિગ્રીએ પહોંચી ગયો છે. આજે મહત્તમ તાપમાન ૪૨.૫ ડિગ્રીએ પહોંચતા આકાશમાંથી અંગારા વરસ્યા હતા. વહેલી સવારથી મોડી સાંજ સુધી સતત ગરમ પવન ફુંકાયો હતો. આખો દિવસ લૂ ફુંકાતા જનજીવન પર તેની ઘેરી અસર જોવા મળી હતી. બજારોમાં ભીડ ખુબ ઓછી જોવા મળી હતી. માર્ગો પર વાહનોની અવરજવર સાવ ઓછી જણાતી હતી. વસાહતીઓ આખો દિવસ ઘરમાં જ પુરાઈ રહ્યા હતા. કર્મચારીઓ પણ ગરમીથી કંટાળેલા નજરે ચઢતા હતા. એસી કે કુલર હોય ત્યાં કર્મચારીઓએ બપોરના સમયે બેઠક જમાવી હતી. ફેરીયાઓએ પણ બપોરના સમયે ધંધો બંધ કરી આરામ ફરમાવવાનું મુનાસીબ માન્યું હતું. ફૂલ સ્પીડે ફરતા

● અનુસંધાન પાન-૫ પર

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.
મધુર ડેરી, 'ક' રોડ, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૫, ગાંધીનગર
આજથી શુભારંભ
કેસર કેરીનો મધુર ટેસ્ટ
Real ભાવથી
ઉભંગ ૩. ૩૭૫/- ૫ કિલો પેકીંગ
સંગ ૩. ૩૫૦/- ૫ કિલો પેકીંગ
ઉપરોક્ત મહત્તમ વેચાણ કિંમતથી સ્ટોક હશે ત્યાં સુધી દરેક મધુર પાર્લરો એજન્સીઓ અને દૂધ મંડળીઓ પરથી મળશે.
શ્રી રોહિતભાઈ મહેતા મેનેજીંગ ડિરેક્ટરશ્રી
ડો. શંકરસિંહ રાણા ચેરમેનશ્રી
તથા નિયામક મંડળ

વન આરક્ષિત જગ્યામાં દબાણો કરનાર પાસેથી બેવડો દંડ વસુલવામાં આવશે

વન તંત્ર દ્વારા દબાણો દુર કરવાના મામલે કડક વલણ : દબાણો દુર કરી વન આરક્ષિત જગ્યામાં રોપાઓની વાવણી કરાશે

ગાંધીનગર તા ૯

શહેરમાં વનતંત્ર દ્વારા દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જે અન્વયે શહેરની વન આરક્ષિત જગ્યામાં અડીંગો જમાવી બેઠેલા દબાણ કર્તાઓને દુર કરવા માટે અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. જો કે દબાણો દુર કરાયા બાદ થોડા ક જ સમયમાં ફરિ પાછા યથાસ્થાને ગોઠવાઈ જતા હોવાથી આ વખતે વન તંત્ર દ્વારા કડક પગલા લેવાનો પણ નિર્ણય લેવાયો છે. જેમાં યથાવત રીતે દબાણ કરવાના કીસ્સામાં બેવડો દંડ વસુલવામાં આવશે.

શહેરમાં દબાણની સમસ્યાએ ભરડો લીધો છે. નજર નાંખો ત્યાં દબાણોનો અડીંગો જોવા મળે છે. જયારે જિલ્લા વહિવટી તંત્ર દ્વારા હાથ ધરાતી દબાણ હટાવ ઝુંબેશ નાટકીય પુરવાર થઈ છે. જેના પરિણામે શહેરને સ્માર્ટ સિટી બનાવાની સોહામણી વાતો વચ્ચે દબાણની સમસ્યાએ અજગર ભરડો લીધો છે. ત્યારે નગરમાં લાખોના ખર્ચે નિર્માણ કરાયેલા પાર્કીંગ પ્લેસ પણ દબાણોનો અડ્ડો બન્યા છે. જેથી ટ્રાફિક સહીતની અનેક સમસ્યા ઉભી થવા પામી છે.

આવા સંજોગોમાં તંત્ર દ્વારા હાથ ધરાતી દબાણ હટાવ ઝુંબેશ પણ નાટકીય હોવાનુ સ્પષ્ટ થતા દબાણની સમસ્યા હઠીલી બની છે. શહેરના મુખ્ય માર્ગો તેમજ કોર્મશિયલ કોમ્પલેક્ષ આસપાસ પણ દબાણોનો અડ્ડો જોવા મળે છે.ત્યારે વન આરક્ષિત જગ્યામાં પણ ઝુંપડા તેમજ લારી ગલ્લાના દબાણોનો જમાવડો છે. આવા સંજોગોમાં મુખ્યવન સંરક્ષક એન એસ યાદવે શહેરમાં વન આરક્ષિત જગ્યામાંથી દબાણો દુર કરવા માટે સુચના આપી છે. જે અન્વયે વન તંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. સુત્રોના જણાંવ્યા મુજબ દબાણો દુર કરયા બાદ નિયત ઠેકાણે પાછા ગોઠવાઈ જશે તો દબાણકર્તાઓ પાસેથી બે વડો દંડ વસુલવામાં આવશે. જયારે શહેરને દબાણ મુક્ત રાખવા માટે સતત દબાણ હટાવ ઝુંબેશ ચાલુ રહેશે. દબાણોનો સફાયો કરી તંત્ર દ્વારા ખાલી જગ્યામાં વધુ રોપાઓનુ વાવેતર કરાશે.

મંડપ કેટરીંગ લાઈટીંગ ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અમી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૦૧, ફેક્સ : ૨૩૨૩૦૫૦૧ E-mail : gandhinagarsamachar@yahoo.com